# પદ્ય વિભાગ

# ૧. વૈષ્ણવજન

### નરસિંહ મહેતા

આદિ કવિ નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજા ગામે ૧૫મી સદીમાં નાગર બ્રાહ્મણ કૃષ્ણદાસ મહેતાને ત્યાં થયો હતો. પાંચ વર્ષની ઉંમરે માતા-પિતાને ગુમાવ્યાં, તેથી તેમનો ઉછેર તેમની દાદીએ કર્યો હતો. ૧૫મી સદી દરમિયાન ભારતમાં જે ભક્તિ આંદોલનની શરૂઆત થઈ તેનો રંગ ગુજરાતને લગાડનાર કવિ નરસિંહ મહેતાએ કૃષ્ણભક્તિનાં પદો રચ્યાં છે. તેમની રચનાઓમાં ઝૂલણા છંદ મુખ્ય રહ્યો છે. દંતકથા મુજબ ભાભીએ તેમને મહેણું મારતાં દુઃખી થઈ, મંદિરમાં જઈ, મહાદેવને પ્રસન્ન કર્યા અને પરિણામે કૃષ્ણની રાસલીલાનાં દર્શન થયાં.

નરસિંહ મહેતાએ ઊંચનીચના ભેદભાવ ટાળવા માટે પ્રત્યક્ષ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પ્રભાતિયાં, ઝૂલણાં છંદ અને કેદારો રાગ તેમના પ્રિય હશે, એમ તેમની રચના પરથી જણાય છે. પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનમાર્ગની પરંપરાના ઉત્તમ કવિ હતા. સાદી, સરળ, બોલચાલની ભાષામાં રચાયેલી તેમની ગેય રચનાઓ આજે પણ લોકોને હૈયે અને હોઠે રમે છે. તેમણે 'કુંવરબાઈનું મામેરું', 'હુંડી', 'ઝારીનાં પદ', 'સુદામાચરિત્ર', 'દાણલીલા' વગેરે જેવા ૧૫૦૦થી વધુ પદો રચ્યાં છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત ભજનમાં નરસિંહ મહેતાએ વૈષ્ણવજનનાં લક્ષણોનું વર્ણન કર્યું છે. પારકાની પીડા જાણનાર અને પરદુઃખે ઉપકાર કરનાર પ્રભુનાં ભક્તો કદી અભિમાન કરતાં નથી. તેમના માટે જગતનાં બધાં જીવો વંદનીય છે. તેઓ નિંદા-કૂથલીથી દૂર રહે છે. મન, વચન અને કર્મથી પવિત્ર રહીને દરેકને સમાન દૃષ્ટિથી નિહાળે છે. ઇચ્છાઓને ત્યજી દે છે તેમ જ પરસ્ત્રી કે પરધન તરફ નજર પણ કરતાં નથી. સાચા વૈષ્ણવો મોહમાયાની જાળમાં ક્યારેય ફસાતા નથી, લોભ કરતાં નથી, કામ અને ક્રોધને જીતી લે છે, કપટ તેમને સ્પર્શી ન શકે, વૈરાગ્ય ધારણ કરી રામનામમાં લીન રહી પોતાના કુળને તારે છે. આ રીતે કવિએ અહીં વૈષ્ણવનાં લક્ષણોનો સ્પષ્ટ ચિતાર આપ્યો છે. પ્રસ્તુત ભજન ગાંધીજીના પ્રિય ભજન તરીકે આજે પણ ગવાય છે.

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ મન નિર્મળ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે.

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલા ભજનનું સમૂહગાન કરાવી શકાય. જુદાજુદા લઘુત્તરી પ્રશ્નોની મદદથી વૈષ્ણવમાં રહેલા ગુણોની ચર્ચા કરી શકાય. વૈષ્ણવની સંકલ્પના સ્પષ્ટ કરી શકાય. ભજનમાં આવતા સદ્ગુણો વિદ્યાર્થીઓમાં કેળવવા માટે જુદાજુદા પ્રેરક પ્રસંગો કહીને પ્રેરિત કરી શકાય. કવિતાના કવિ નરસિંહ મહેતાનો સંક્ષિપ્ત પરિચય આપીને તેમનામાં રહેલી વૈષ્ણવતાનો ચિતાર આપી શકાય.

સદ્ગુણો કેળવવાની સાથે જીવનમાં કોઈપણ પ્રકારનો મોહ કે માયા રાખવી ન જોઈએ, અપેક્ષાઓ રાખ્યા વગર જ પોતાની ફરજો બજાવવી જોઈએ તે વાત ઠસાવવા માટે પણ ઉદાહરણો આપી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧.** નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો લખો :

(૧) જીભ (૨) ખોટું (૩) ઇચ્છા (૪) સમગ્ર
(૫) કૂથલી (૬) વિરક્તિ (૭) વંશ (૮) વેદના

**સ. ૨.** ઉદાહરણ પ્રમાણે 'પર'થી શરૂ થતાં શબ્દો બનાવો : ઉદા. પરધન

**સ. ૩.** કાવ્યમાં આવતા જોડાક્ષરયુક્ત શબ્દો લખો.

**સ. ૪.** નમૂના પ્રમાણે શબ્દ બનાવો : દા. ત. સત્ય – અસત્ય

(૧) પ્રશંસા (૨) લોભી (૩) ઉપકાર
(૪) મલિન (૫) અભિમાની (૬) કપટ

**સ. ૫.** શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

(૧) જે સત્ય જ બોલે તે – (૨) જેનામાં લોભ નથી તે –
(૩) જેનામાં સ્વાર્થ નથી તે – (૪) જેનામાં ભય નથી તે –

**સ. ૬.** કાવ્યના આધારે ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો :

(૧) બીજા ઉપર ઉપકાર કરે તો પણ મનમાં ________________ લાવતા નથી.
(૨) પોતાના મુખેથી ક્યારેય ________________ વચનો બોલતાં નથી.
(૩) સમગ્ર જગતમાં સહુને ________________ કરે છે.
(૪) પારકી સ્ત્રી વૈષ્વણજન માટે ________________ સમાન છે.

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો :**

(૧) જે બીજાની _______________ તે સાચા વૈષ્ણવ છે.

(અ) પીડા જાણે છે (આ) મદદ કરે છે (ઇ) સાથે ચાલે છે

(૨) સાચા ભક્તના _______________ નિર્મળ હોય છે.

(અ) ઘર, પરિસર, આંગણું (આ) મન, વચન, કર્મ (ઇ) વાણી, વર્તન અને વિચાર

(૩) સજ્જનો બીજાનાં ધનને _______________

(અ) ખોટી નજરે જોતા નથી (આ) પોતાના માટે વાપરતા નથી (ઇ) હાથ લગાડતા નથી

(૪) સાચા વૈષ્ણવના દર્શન કરતાં _______________ કુળ તરી જાય છે.

(અ) એકોતેર (આ) એકસઠ (ઇ) એકસો તેર

**સ. ૮. કાવ્યના આધારે લખો :**

(૧) જેને લોભ નથી તે -

(૨) જેણે તૃષ્ણાનો ત્યાગ કર્યો તે -

(૩) દરેકને સમાન દષ્ટિથી જુએ તે -

(૪) જેનામાં કપટ નથી તે -

**સ. ૯. આડાઅવળા શબ્દોને ક્રમમાં ગોઠવીને કાવ્યપંક્તિ લખો :**

(૧) પીડ પરાઈ જે વૈષ્ણવજન તો કહીએ તેને જાણે રે

(૨) ન આણે મન પરદુ:ખે તોયે કરે ઉપકાર રે અભિમાન

(૩) તીરથ તેના રે રામનામ શું લાગી તાળી સકળ તનમાં રે

(૪) દઢ મોહ વ્યાપે વૈરાગ્ય માયા નહિ મનમાં તેને જેના રે

**સ. ૧૦. સાચા વૈષ્ણવમાં રહેલા સદ્‌ગુણો તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૨. 'નવ' શબ્દના જુદાજુદા અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો : દા.ત. પણ – પરંતુ, પણ – પ્રતિજ્ઞા**

**સ. ૧૩. વિશેષણ ઓળખીને રેખાંકિત કરો :**

(૧) વલ્લભ લોભી નથી.

(૨) હું દસમા ધોરણમાં ભણું છું.

(૩) મુંબઈ મોટું શહેર છે.

(૪) તું રજામાં કોના ઘરે જવાનો છે ?

★ **શાળામાં અભ્યાસ શરૂ કરતાં પહેલાં પ્રાર્થના કરવાનાં કારણ વિશે સમૂહમાં ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ જુદીજુદી ભાષાની કોઈપણ પાંચ પ્રાર્થના શોધીને નાની પુસ્તિકા બનાવો.

## લેખન કૌશલ્ય

★ 'વૃક્ષોનું સંવર્ધન' વિષય ઉપર નિબંધ લખો.

## પત્રલેખનનો મસૂદો

તારીખ,

________________

પ્રતિ, ________________

માનનીય, ________________

________________

વિષય : ________________

મહોદય/મહોદયા, ________________

મુખ્ય વિગત

આપનો/આપની

________________

સરનામું

________________

(પત્ર લખનારનું સરનામું)

## વિશેષ વાંચન

### ઊજવણી

મનની કચરાપેટીમાં, ભાઈ, ફેરવજો સાવરણી !
વળે રાગ-ને-દ્વેષ તો કરજો સારીપેઠ ઊજવણી.
વેર ઊગે તો વાઢી નાખો, દોસ્તભાવના ગાઢી રાખો,
સરળ શ્વાસના સથવારામાં ઝેર જીવનનાં કાઢી નાખો.
છેક સ્વર્ગમાં સ્થાન અપાવે એક જ આ નિસરણી !
મનની કચરાપેટીમાં, ભાઈ, ફેરવજો સાવરણી !
એવી હેલી વરસાવો સૌ એકમેકની અંદર,
કોઈ અજાણ્યા રસ્તા ઉપર છલકે સ્નેહસરોવર !
સાચું-જૂઠું પાર કરે ઈ તરી જશે વૈતરણી !
મનની કચરાપેટીમાં, ભાઈ, ફેરવજો સાવરણી !

– દીપક ત્રિવેદી

7D6P7I

પ્રાર્થના હૃદયનું સ્નાન છે.